# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-01-2026 Day: Saturday Morning : 6.40 to 6.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-પીપ્રહવા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીના રાય પિથોરા સાંસ્કૃતિક સંકુલમાં ભગવાન બુદ્ધ સાથે સંબંધિત પવિત્ર પીપ્રહવા અવશેષોના ભવ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે.

**------------------------------------------------------------------------------------------**

## રાજ્ય-GSRTC-નિમણુંક પત્રો:

ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ત્રણ હજાર 84 ચાલક અને એક હજાર 658 જેટલા મદદનીશ કક્ષાના ઉમેદવારને નિમણૂકપત્ર અપાયા હતા. ગઈકાલે મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આ સમારોહમાં સંબોધન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ કર્મચારીઓને મુશ્કેલીઓનો શાંત મગજથી સામનો કરી પોતાની જવાબદારી નિભાવવા અનુરોધ કર્યો. સાથે જ તેમણે વ્યવસ્થાનો યોગ્ય ઉપયોગ કરવા પણ અપીલ કરી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આગામી દિવસોમાં દરરોજ 30 લાખ યાત્રિઓ સુધી પહોંચવાનો એસ.ટી. નિગમનો સંકલ્પ સાકાર થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

**------------------------------------------------------------------------------------------**

## રાજ્ય જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના:

'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના' અંતર્ગત બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે પોર્ટલ ફરી ખુલ્લું મૂકાયું છે. રાજ્ય પરીક્ષા બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા પરંતુ નોંધણી પ્રક્રિયામાં બાકી રહેલા વિદ્યાર્થીઓ http: / / gssyguj.in વેબસાઈટ પર આગામી 15 જાન્યુઆરી સુધી અરજી કરી શકશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## રાજ્ય-વૃક્ષ ઉછેર ઝુંબેશ:

રાજ્યની 185 નદીના બંને કાંઠાની જમીન પર વનવિભાગ દ્વારા “વૃક્ષ ઉછેર ઝૂંબેશ” હાથ ધરાશે. રાજ્યમાં લીલું આવરણ વધારવા લેવાયેલા સરકારના આ નિર્ણય અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, વૃક્ષ ઉછેર પહેલા સીમાંકન – ભૌગોલિક માહિતી પ્રણાલિ - G.I.S. માપણી કરીને કાર્યક્ષેત્ર અને જમીનની ઓળખ કરાશે. તેનો ઉપયોગ માત્ર લીલા આવરણ અને વૃક્ષ ઉછેર માટે જ કરવાનો રહેશે.

આ ઝૂંબેશથી વરસાદ વધવાની સાથે નદીઓના બંને કાંઠાની જમીનનું ધોવાણ અટકશે અને ભૂગર્ભ જળસ્તર પણ ઊંચા આવશે તેમ શ્રી મોઢવાડિયાએ ઉંમેર્યું હતું.

---

## રાજ્ય-અંબાજી –પોષી પુનમ:

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં આજે મા જગદંબાના પોષી પુનમના પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી કરાશે.માઈભક્તો દ્વારા માતાજીના ચરણોમાં 43 લાખ 51 હજાર રૂપિયાનો સુવર્ણ રત્નજડિત દિવ્ય મુગટ અર્પણ કરાયો. પોષી પુનમ નિમિતે અંબાજી ખાતે શ્રધ્ધાળુઓની ભારે ભીડને ધ્યાનમાં લઈને વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે.

---

## કચ્છ-ગાંધીધામ-વાઈબ્રન્ટ પ્રોગ્રામ:

રાજકોટ ખાતે 10 અને 11મી જાન્યુઆરીએ આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત કચ્છ જિલ્લાના ડિસ્ટ્રીક્ટ લેવલ વાઈબ્રન્ટ પ્રોગ્રામનું ગઈકાલે ગાંધીધામમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર ખાતે ગુજરાતના કેબીનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને અને રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની અતિથિ વિશેષ તરીકેની ઉપસ્થિતિમાં ઉદઘાટન કરવામાં આવ્યું. બે દિવસ ચાલનારા આ પ્રોગ્રામમાં મહત્વપૂર્ણ એમઓયુ સાથે વિવિધ ટેક્નિકલ સેશન, એક્ઝિબિશન તેમજ પેનલ ડિસ્કશન યોજાશે. કચ્છ જિલ્લાના સંલગ્ન ઉદ્યોગોને આવરી લેતા એક્ઝિબિશનમાં કચ્છી કલાઓની સાથે સંકળાયેલા હેન્ડીકાફ્ટ તેમજ એમ.એસ.એમ.ઈ, હેવી ઈન્ડસ્ટ્રીઝ સહિતના કુલ ૬૦થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે.

---

## કચ્છ-ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સહ પ્રભારીની મુલાકાત:

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના મંત્રી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સહ પ્રભારી શુભાષિની યાદવ તથા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગીતા પટેલ આજથી 3 દિવસની કચ્છ જીલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. જીલ્લા કોંગ્રેસ પ્રમુખ વી.કે.હુંબલે જણાવ્યુ હતું કે આ પ્રવાસ દરમ્યાન ચુંટણીલક્ષી ચર્ચા વિચારણા કરાશે.

---

## કચ્છ-માવઠા સહાય:

રાજ્યમાં વર્ષ 2025 દરમિયાન સપ્ટેમ્બર તેમજ ઓક્ટોબર માસના અંતમાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના તૈયાર ખરીફ પાકને નુકસાન થયું હતું. રાજ્ય સરકારે જાહેર કરેલા પેકેજ અંતર્ગત કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતમાં વીસીઇ મારફતે નુકસાનગ્રસ્ત ખેડૂતોની અરજીઓ મેળવવાની કામગીરી શરૂ કરાઈ હતી. આ સહાય મેળવવા માટે જે ખેડૂતોના બેંક ખાતા આધારકાર્ડ સાથે લીંક કરવાના બાકી હોય તેઓને આધાર સીડિંગ કરાવવા માટે ખેડૂતોને જિલ્લા ખેતીવાડી અધિકારી ભુજ-કચ્છ દ્વારા અનુરોધ કરાયો છે.

---

# કચ્છ-વિશ્વ માલધારી વર્ષ:

પશુપાલનને વધુ પ્રોત્સાહિત કરવા ભારત સરકારના પ્રયાસો થકી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા 2026નાં વર્ષને `વિશ્ માલધારી વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યુ છે. આ જાહેરાતને રાષ્ટ્રીય યુવા માલધારી સંગઠને બિરદાવી છે. સંગઠનના મંત્રી ઇમરાનખાન મુતવાએ ભારત સરકારની ભૂમિકાની સરાહના કરી આભાર વ્યક્ત કર્યો છે.

-----------------------------------------------------------------------------------------------

# હવામાન:

રાજ્યમાં આગામી 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફારની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. તેના કારણે ઠંડીમાં ઘટાડો થઈ શકે છે તેમ હવામાન વિભાગની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

દરમ્યાન કચ્છ જીલ્લામાં  ઠંડીએ પકડ મજબુત બનાવી છે, અને  અબડાસા તાલુકા ગઈકાલે નીચુ તાપમાન 10.8 ડિગ્રી સેલ્યિસ તાપમાન નોંધાયુ હતું.

-----------------------------------------------------------------------------------------------